ગુજરાત સમાચાર

**WEDNESDAY**
27 August, 2025

plus

For More News click > www.gujaratsamachar.com



» Page 2 ધર્મ અનુષ્ઠાનનો માપદંડ : ક્ષમાપના !



» Page 4 ભગવાન મહાવીરની આત્મા ૨૭મા જન્મમાં વર્ધમાન સ્વરૂપે અવતરિત થઈ



» Page 4 પર્યુષણ મહાપર્વમાં જિનાલયોમાં આંગી શણગાર

**AI ટુલ્સની મદદથી એનિમેટેડ સ્ટોરી તૈયાર કરી : આવનારા વર્ષોમાં AI શિક્ષણ, મેડિકલ, સ્માર્ટ સિટી ડેવલપ કરવામાં મદદરૂપ બનશે**

# ગર્લ્સ સ્ટુડન્ટસે AIની મદદથી 2050ના વિકસિત ભારતની કલ્પના કરી

ગવર્નમેન્ટ પોલિટેક્નિક ફોર ગર્લ્સના આઇ.ટી. વિભાગ દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વિષય પર 'નેક્સ્ટજેન એઆઇ ફેસ્ટિવલ'નું આયોજન કરાયું હતું, જેમાં ૧૫૦ વિદ્યાર્થિની જોડાઇ હતી. વિદ્યાર્થિનીઓએ થિંક એઆઇ: ક્રિએટિવિટી મીટ્સ ટેકનોલોજી કાર્યક્રમમાં ધ સિટી ઓફ ઓટોનોમસ માઇન્ડ્સ: અ સિટી ઓફ રન બાય એઆઇ વિષય પર એઆઇ જનરેટેડ એનિમેટેડ સ્ટોરી ટેલિંગ કોમ્પિટિશનમાં વર્ષ ૨૦૫૦ના ભારતની કલ્પના કરી હતી. વિવિધ એઆઇ ટુલ્સનો ઉપયોગ કરીને એઆઇ જનરેટેડ એનિમેટેડ સ્ટોરી તૈયાર કરી હતી. આ ઉપરાંત, ફ્યુચર રેડી: પાવર ઓફ એઆઇ ટુલ્સ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ વિવિધ એઆઇ ટુલ્સનું લાઇવ ડેમોન્સ્ટ્રેશન કરી તેના વિશે સમજ આપી હતી. આ કાર્યક્રમમાં આઇ.ટી. વિભાગના હેડ નંદુ ફાટક તથા પ્રોફેસર રિકિના પારેખનું માર્ગદર્શન મળ્યું હતું.

## ઓટોનોમસ વ્હિકલ ટ્રાફિક ઘટાડશે, રિયલ-ટાઇમ ડેટા માર્ગ વ્યવહારને ઝડપી તથા સુરક્ષિત બનાવશે



૨૦૫૦ સુધીમાં એઆઇ પરિવહન વ્યવસ્થાને સંપૂર્ણપણે સ્માર્ટ બનાવી દેશે. સ્વ: સંચાલિત વાહનો ટ્રાફિક ઘટાડશે અને રિયલ-ટાઇમ ડેટા માર્ગ વ્યવહારને ઝડપી તથા સુરક્ષિત બનાવશે. સ્માર્ટ શહેરોમાં ટ્રાફિક સિગ્નલ આપમેળે નિયંત્રિત થવાથી અકસ્માત ઘટશે અને પ્રેડિક્ટિવ મોડેલ્સ ઊર્જા બચત તથા પર્યાવરણ સંરક્ષણમાં મદદ મળશે. સાથે એઆઇ મીડિયા પ્રોડક્શનમાં પણ સર્જનાત્મક રીતે ઉપયોગી થઇ શકે છે. **- યાના પટેલ, દેવાંશી પુરોહિત, ધારીકા પરથી**



## એઆઇ સારવાર જ નહીં, આરોગ્ય સંભાળ અને જાહેર સ્વાસ્થ્ય માટે પણ ક્રાંતિકારી સાબિત થશે



એઆઇથી આરોગ્યક્ષેત્રમાં નવા યુગની શરૂઆત થઇ રહી છે. અકસ્માત કે તાત્કાલિક પરિસ્થિતિ થતાની સાથે જ રોબોટ્સ અને ડ્રોન દ્વારા તરત મદદ માટે પહોંચી જશે. દર્દીને પ્રાથમિક સારવાર આપશે અને ડૉક્ટર સુધી રિયલ-ટાઇમ માહિતી પહોંચાડવાથી સારવાર ઝડપથી શરૂ થઇ શકે. ભવિષ્યમાં એઆઇ ડૉક્ટર સ્કેન અને રિપોર્ટ પરથી બીમારી ઓળખશે. એઆઇ સારવાર જ નહીં, આરોગ્ય સંભાળ અને જાહેર સ્વાસ્થ્ય માટે પણ ક્રાંતિકારી સાબિત થઇ રહેશે. **- નિરાલી હરવાણી, હર્ષી મેરુલિયા**

## વિદ્યાર્થીના પ્રોગ્રેસનું વિશ્લેષણ કરીને શિક્ષકો-વાલીઓને રિયલ ટાઇમ રિપોર્ટ મોકલશે



ભવિષ્યમાં એઆઇ આધારિત સ્માર્ટ ક્લાસરૂમ વિદ્યાર્થીઓની શીખવાની ગતિને ઓળખીને વ્યક્તિગત અભ્યાસક્રમ તૈયાર કરશે. એઆઇ આધારિત સિસ્ટમ પરીક્ષા દરમિયાન ચોરીની અટકાવશે, વિદ્યાર્થીની પ્રગતિનું વિશ્લેષણ કરશે અને વાલીઓ તથા શિક્ષકોને રિયલ-ટાઇમ રિપોર્ટ મોકલશે.

**- રીતુ પટેલ, દિવ્યા વાઘેલા, નિધિ શ્રીમાળી, જિયા પરમાર, સાચી ટન્ના**

## આવનારા વર્ષોમાં એઆઇ ઘરના કામમાં મદદરૂપ બનશે જેથી મહિલાઓનો સમય બચશે



એઆઇ મહિલાઓને ખૂબ મદદરૂપ બનશે. ઘરના કામકાજમાં સ્માર્ટ હોમ ઉપકરણો, રોબોટિક વેક્યુમ ક્લીનર અને વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ જેવા સાધનો મહિલાઓનો સમય બચાવવામાં અને રોજિંદાને ભાર ઓછો કરવામાં મદદ કરશે. આથી મહિલાઓ પોતાના કારકિર્દી કે વ્યક્તિગત વિકાસ પર વધુ ધ્યાન આપી શકે. શિક્ષણ ક્ષેત્રે, એઆઇ આધારિત ઓનલાઇન લર્નિંગ પ્લેટફોર્મ અને પર્સનલાઇઝ્ડ લર્નિંગ મોડ્યુલ સ્ત્રીઓને તેમની ગતિ અને ક્ષમતા પ્રમાણે શીખવાની તક આપશે. **- પરી કણસાગરા, ખુશી કાલગુડે, સંજના ભંડારી, દિવ્યા જાદવ, નિશા ચુડાસમા**

## પર્યાવરણને અનુકૂળ ઊર્જા ઉત્પન્ન કરવા સાથે શહેરોને વધુ સ્માર્ટ અને સુરક્ષિત બનાવશે



૨૦૫૦ના સિટી ડેવલપમેન્ટમાં એઆઇ એ મુખ્ય શક્તિ બનશે. એઆઇ સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ દ્વારા ટ્રાફિક ઓછો કરવાનું કામ કરશે જેથી સમય, ઊર્જાની બચત કરશે. સ્વચ્છ ઊર્જા અને આઇઓટી ટેક્નોલોજીથી પર્યાવરણને અનુકૂળ થવાથી શહેરોની હેલ્થકેર, એજ્યુકેશન અને સુરક્ષાની ઝડપી સેવાઓ પૂરી પાડશે અને ડેટા એનાલિટિક્સ દ્વારા શહેરનું સંચાલન વધુ અસરકારક બનાવશે. આ રીતે એઆઇ ભવિષ્યના શહેરોને વધુ સ્માર્ટ, સુરક્ષિત અને સુખદ બનાવશે. એઆઇ એક સાધન છે અને તેનો નિયંત્રણ માનવ હાથમાં જ હોવો જોઇએ. એઆઇ માત્ર સંશોધન માટે જ નહીં પરંતુ વાર્તાકથન અને મીડિયા પ્રોડક્શન જેવા સર્જનાત્મક ક્ષેત્રોમાં પણ નવી શક્યતાઓ ઊભી કરી શકે છે. **- ધ્રુવંશી પ્રજાપતિ, તનિષા વાઘેલા**



» Page 2 માપદંડ : ક્ષમાપના !



» Page 4 ભગવાન મહાવીરના આત્મા ૨૭મા જન્મમાં વર્ધમાન સ્વરૂપે અવતરિત થઈ



» Page 4 જિનાલયોમાં આંગી શણગાર

**AI ટુલ્સની મદદથી એનિમેટેડ સ્ટોરી તૈયાર કરી : આવનારા વર્ષોમાં AI શિક્ષણ, મેડિકલ, સ્માર્ટ સિટી ડેવલપ કરવામાં મદદરૂપ બનશે**

# ગર્લ્સ સ્ટુડન્ટસે AIની મદદથી 2050ના વિકસિત ભારતની કલ્પના કરી

ગવર્નમેન્ટ પોલિટેકનિક ફોર ગર્લ્સના આઈ.ટી. વિભાગ દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિષય પર 'નેક્સ્ટજેન એઆઈ ફેસ્ટિવલ'નું આયોજન કરાયું હતું, જેમાં ૧૫૦ વિદ્યાર્થિની જોડાઈ હતી. વિદ્યાર્થિનીઓએ થિંક એઆઈ: ક્રિએટિવિટી મીટ્સ ટેકનોલોજી કાર્યક્રમમાં ધ સિટી ઓફ ઓટોનોમસ માઈન્ડ્સ: અ સિટી ઓફ રન બાય એઆઈ વિષય પર એઆઈ જનરેટેડ એનિમેટેડ સ્ટોરી ટેલિંગ કોમ્પિટિશનમાં વર્ષ ૨૦૫૦ના ભારતની કલ્પના કરી હતી. વિવિધ એઆઈ ટુલ્સનો ઉપયોગ કરીને એઆઈ જનરેટેડ એનિમેટેડ સ્ટોરી તૈયાર કરી હતી. આ ઉપરાંત, ફ્યુચર રેડી: પાવર ઓફ એઆઈ ટુલ્સ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ વિવિધ એઆઈ ટુલ્સનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન કરી તેના વિશે સમજ આપી હતી. આ કાર્યક્રમમાં આઈ.ટી.વિભાગના હેડ નંદુ ફાટક તથા પ્રોફેસર રિકિતા પારેખનું માર્ગદર્શન મળ્યું હતું.

## ઓટોનોમસ વ્હિકલ ટ્રાફિક ઘટાડશે, રિયલ-ટાઈમ ડેટા માર્ગ વ્યવહારને ઝડપી તથા સુરક્ષિત બનાવશે



૨૦૫૦ સુધીમાં એઆઈ પરિવહન વ્યવસ્થાને સંપૂર્ણપણે સ્માર્ટ બનાવી દેશે. સ્વ: સંચાલીત વાહનો ટ્રાફિક ઘટાડશે અને રિયલ-ટાઈમ ડેટા માર્ગ વ્યવહારને ઝડપી તથા સુરક્ષિત બનાવશે. સ્માર્ટ શહેરોમાં ટ્રાફિક સિગ્નલ આપમેળે નિયંત્રિત થવાથી અકસ્માત ઘટશે અને પ્રેડિક્ટિવ મોડેલ્સ ઈંધણ બચત તથા પર્યાવરણ સંરક્ષણમાં મદદ મળશે. સાથે એઆઈ મીડિયા પ્રોડક્શનમાં પણ સર્જનાત્મક રીતે ઉપયોગી થઈ શકે છે. **- યાના પટેલ, દેવાંશી પુરોહિત, ધારીકા પરઘી**



## એઆઈ સારવાર જ નહીં, આરોગ્ય સંભાળ અને જાહેર સ્વાસ્થ્ય માટે પણ ક્રાંતિકારી સાબિત થશે



એઆઈથી આરોગ્યક્ષેત્રમાં નવા યુગની શરૂઆત થઈ રહી છે. અકસ્માત કે તાત્કાલિક પરિસ્થિતિ થતાની સાથે જ રોબોટ્સ અને ડ્રોન દ્વારા તરત મદદ માટે પહોંચી જશે. દર્દીને પ્રાથમિક સારવાર આપશે અને ડૉક્ટર સુધી રિયલ-ટાઈમ માહિતી પહોંચાડવાથી સારવાર ઝડપથી શરૂ થઈ શકે. ભવિષ્યમાં એઆઈ ડૉક્ટર સ્કેન અને રિપોર્ટ પરથી બીમારી ઓળખશે. એઆઈ સારવાર જ નહીં, આરોગ્ય સંભાળ અને જાહેર સ્વાસ્થ્ય માટે પણ ક્રાંતિકારી સાબિત થઈ રહેશે. **- નિરાલી હરવાણી, હરવી મેરુલિયા**

## વિદ્યાર્થીના પ્રોગ્રેસનું વિશ્લેષણ કરીને શિક્ષકો-વાલીઓને રિયલ ટાઈમ રિપોર્ટ મોકલશે



ભવિષ્યમાં એઆઈ આધારિત સ્માર્ટ ક્લાસરૂમ વિદ્યાર્થીઓની શીખવાની ગતિને ઓળખીને વ્યક્તિગત અભ્યાસક્રમ તૈયાર કરશે. એઆઈ આધારિત સિસ્ટમ પરીક્ષા દરમિયાન ચોરીની અટકાવશે, વિદ્યાર્થીની પ્રગતિનું વિશ્લેષણ કરશે અને વાલીઓ તથા શિક્ષકોને રિયલ-ટાઈમ રિપોર્ટ મોકલશે. **- રીતુ પટેલ, બિજલ વાઘેલા, નિધિ શ્રીમાળી, જિયા પરમાર, યાચી તન્ના**

## આવનારા વર્ષોમાં એઆઈ ઘરના કામમાં મદદરૂપ બનશે જેથી મહિલાઓનો સમય બચશે



એઆઈ મહિલાઓને ખૂબ મદદરૂપ બનશે. ઘરના કામકાજમાં સ્માર્ટ હોમ ઉપકરણો, રોબોટિક વેક્યૂમ ક્લીનર અને વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ જેવા સાધનો મહિલાઓનો સમય બચાવવામાં અને રોજિંદાને ભાર ઓછો કરવામાં મદદ કરશે. આથી મહિલાઓ પોતાના કારકિર્દી કે વ્યક્તિગત વિકાસ પર વધુ ધ્યાન આપી શકે. શિક્ષણ ક્ષેત્રે, એઆઈ આધારિત ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ અને પર્સનલાઈઝ્ડ લર્નિંગ મોડ્યુલ સ્ત્રીઓને તેમની ગતિ અને ક્ષમતા પ્રમાણે શીખવાની તક આપશે. **- પરી કણસગરા, ખુશી કાલગુડે, સંજના ભંડારી, દિવ્યા જાદવ, નિશા ચુડાસમા**

## પર્યાવરણને અનુકૂળ ઊર્જા ઉત્પન્ન કરવા સાથે શહેરોને વધુ સ્માર્ટ અને સુરક્ષિત બનાવશે



૨૦૫૦ના સિટી ડેવલપમેન્ટમાં એઆઈ એ મુખ્ય શક્તિ બનશે. એઆઈ સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ દ્વારા ટ્રાફિક ઓછો કરવાનું કામ કરશે જેથી સમય, ઊર્જાની બચત કરશે. સ્વચ્છ ઊર્જા અને આઈઓટી ટેકનોલોજીથી પર્યાવરણને અનુકૂળ થવાથી શહેરોની હેલ્થકેર, એજ્યુકેશન અને સુરક્ષાની ઝડપી સેવાઓ પૂરી પાડશે અને ડેટા એનાલિટિક્સ દ્વારા શહેરનું સંચાલન વધુ અસરકારક બનાવશે. આ રીતે એઆઈ ભવિષ્યના શહેરોને વધુ સ્માર્ટ, સુરક્ષિત અને સુખદ બનાવશે. એઆઈ એક સાધન છે અને તેનો નિયંત્રણ માનવ હાથમાં જ હોવો જોઈએ. એઆઈ માત્ર સંશોધન માટે જ નહીં પરંતુ વાર્તાકથન અને મીડિયા પ્રોડક્શન જેવા સર્જનાત્મક ક્ષેત્રોમાં પણ નવી શક્યતાઓ ઊભી કરી શકે છે.- **ધ્રુવંશી પ્રજાપતિ, તનિષા વાઘેલા**